# ટાઇટલ ક્લીયર રીપોર્ટ

## મિલકતની વિગત

ગુજરાત રાજ્યમાં ડિસ્ટ્રીકટ સુરત, સબ ડિસ્ટ્રીકટ તાલુકો કામરેજનાં મોજે ગામ ખોલવડનાં **બ્લોક નં.૩૦૮૩/૨,** (જુના બ્લોક નં.૩૭૦, રે.સર્વે નં.૧૦૮) થી નોંધાયેલી જમીન, જેનુ રેવન્યુ રેકર્ડ મુજબ હે.આરે ૦-૭૧-૨૨ ચો.મી. યાને ૭૧૨૨ ચો.મી. બીનખેતીની જમીન. જેને લાગુ **ટી. પી. સ્કીમ નં.૪૭ (ખોલવડ-ભાદા), ફાયનલ પ્લોટ નં.૧૦૮/૨** ફાળવવામાં આવેલ છે. જેનુ ફાયનલ પ્લોટ મુજબ **૪૨૭૨** ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી ઔધોગીક હેતુની બીનખેતીની જમીન છે. તે સંપુર્ણ પુરેપુરી બિનખેતીની જમીન તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો વાળી જમીનનો ટાઇટલ કલીયર રીપોર્ટ.


**K. B. Marakana**

**Advocate**

34 to 36, Naneshwari Soc.,
Opp. Kalidasnagr Soc.,
Vasant Bhikha NI Wadi,
L. H. Road, Surat.
Phone No.9551515190.

K.B. Marakana
ADVOCATE
95515 15170
95515 15190
34, 35, 36, Nandeshwari Society, Opp. Kalidas Nagar, Nr. Vasant Bhikha Ni Wadi, L.H. Road, Surat.

Ref. No.

Date : ૦૩.૧૨.૨૦૨૨

K.B. MARAKANA 34/35/36, Nandeshwari Soc. L.H. Road, Surat.-6 M. No G/339/2002 ADVOCATE

# ----- :::: ટાઇટલ કલીયર રીપોર્ટ :::: -----

જત અમો એડવોકેટ શ્રી કે. બી. મારકણા રહેવાસી :- ૩૪ થી ૩૬, નંદેશ્વરી સોસાયટી, કાળીદાસનગર સામે, વસંત ભીખાની વાડીની બાજુમાં, એલ. એચ. રોડ, સુરતનાં તે આપ સાહેબ તરફથી મળેલ સુચનાં અન્વયે **મે. શ્રીજી કોર્પોરેશન** – એક ભાગીદારી પેઢી ઠેકાણું : ૧૮, તપશીલ સોસાયટી, સારથી કોમ્પલેક્ષની બાજુમાં, હીરાબાગ, વરાછા રોડ, સુરત વતી તેના ભાગીદારોની નીચે વર્ણવેલ વિગતવાળી મીલકતનો છેલ્લા 30 વર્ષનો સર્ચ રીપોર્ટ કરાવેલ તેનાં આધારે ટાઇટલ કલીયરન્સ રીપોર્ટ આપીએ છીએ.

**નોંધ : નીચે જણાવેલ મિલકતનાં દસ્તાવેજી પુરાવાઓ ચકાસતા સદરહું મિલકતનાં ટાઇટલ ચોખ્ખા, માર્કેટેબલ અને તારણને પાત્ર છે. જે ટાઇટલ અંગેની વિગત નીચે મુજબ છે.**

## --------- ::: મિલકતની વિગત ::: ----------

ગુજરાત રાજ્યમાં ડિસ્ટ્રીકટ સુરત, સબ ડિસ્ટ્રીકટ તાલુકો કામરેજનાં મોજે ગામ ખોલવડનાં **બ્લોક નં.૩૦૮૩/૨, (જુના બ્લોક નં.૩૭૦, રે.સર્વે નં.૧૦૮)** થી નોંધાયેલી જમીન, જેનુ રેવન્યુ રેકર્ડ મુજબ હે.આરે ૦-૭૧-૨૨ ચો.મી. યાને ૭૧૨૨ ચો.મી. બીનખેતીની જમીન. જેને લાગુ **ટી. પી. સ્કીમ નં.૪૭ (ખોલવડ-ભાદા), ફાયનલ પ્લોટ નં.૧૦૮/૨** ફાળવવામાં આવેલ છે. જેનુ ફાયનલ પ્લોટ મુજબ **૪૨૭૨ ચો.મી.** ક્ષેત્રફળ ધરાવતી ઔધોગીક (લાઇટ હોમ વર્કશોપ) હેતુની બીનખેતીની જમીન છે, તે સંપુર્ણ પુરેપુરી બિનખેતીની જમીન. તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહીતની કુલ્લે દરોબસ્ત

**સુરત ડિસ્ટ્રીકટ, સબ-ડિસ્ટ્રીકટ કામરેજનાં મોજે ખોલવડનાં રે.સ.નં.૧૦૮, બ્લોક નં.૩૦૮૩/૨ થી નોંધાયેલી જમીનનાં ટાઇટલની વિગત :-**

સુરત ડિસ્ટ્રીકટ, તાલુકા કામરેજનાં મોજે ખોલવડનાં રે.સર્વે નં.૧૦૮ થી નોંધાયેલ જમીન નાથુભાઇ માવજીભાઇ ના નામ ઉપર માલિક, કબજેદાર તરીકે ચાલી આવેલ હતી.

ત્યારબાદ સદરહું ગામમાં એકત્રીકરણ યોજનાં મહેરબાન સેટલમેન્ટ કમીશ્નર સાહેબ અમદાવાદે તેમનાં હુકમ નં.ઉમસક/કોન/સુરત/૪૯૨, તા.૨૮.૦૨.૧૯૭૫ થી અમલમાં આવતા મજકુર રે.સર્વે નં.૧૦૮ ને બ્લોક નં.૩૭૦ ફાળવેલ. જે અંગેની નોંધ ગામનો નમુનો નં.૬ (હક્કપત્રક) માં નોંધ નં.૧૬૭૯ થી તા.૧૧.૦૯.૧૯૭૮ નાં રોજથી કરવામાં આવેલ. જે નોંધ તા.૧૨.૧૦.૧૯૭૮ નાં રોજ પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સદરહું બ્લોક નં.૩૭૦ વાળી જમીનમાં મે. મામલતદાર અને કૃષી પંચ સાહેબ કામરેજ-૧ નાં તા.૦૭.૧૨.૧૯૮૧ નાં હુકમની નોંધ કરી. જે અંગેની નોંધ ગામનો નમુનો નં.૬ (હક્કપત્રક) માં નોંધ નં.૨૦૪૦ થી તા.૦૧.૦૫.૧૯૮૨ નાં રોજથી કરવામાં આવેલ. જે નોંધ મંજુર થયેલ.

સદરહું જમીનનાં માલિક શ્રી નાથુભાઇ માવજીભાઇ તા.૧૨.૦૬.૧૯૭૫ નાં રોજ અવસાન પામેલ. તેઓએ તેમની સદર બ્લોક નં.૩૭૦ વાળી જમીનમાં તેમનાં સીધીલીટીનાં વારસદારો ૧. દીવાળીબેન તે નાથુભાઇની વિધવા, ૨. ગોરધનભાઇ નાથુભાઇ, ૩. જગુભાઇ નાથુભાઇ તથા ૪. બાબુભાઇ નાથુભાઇ નાં નામો આવેલ અરજી, મરણનો દાખલો, પેઢીનામું, પંચક્યાસ, પંચનાં જવાબ આધારે દાખલ કરેલ. જે અંગેની નોંધ ગામનો નમુનો નં.૬ (હક્કપત્રક) માં નોંધ નં.૨૩૭૧ થી તા.૩૦.૦૯.૧૯૮૯ નાં રોજથી કરવામાં આવેલ. જે નોંધ તા.૩૦.૧૦.૧૯૮૯ નાં રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું રે.સ. નં.૧૦૮, બ્લોક નં.૩૭૦ વાળી જમીનમાં મે. મામલતદાર અને કૃષી પંચ સાહેબ કામરેજ નાં તા.૧૩.૦૧.૧૯૮૮ નાં હુકમની નોંધ કરી. જે અંગેની નોંધ ગામનો નમુનો નં.૬ (હક્કપત્રક) માં નોંધ નં.૨૪૫૦ થી તા.૧૪.૦૧.૧૯૮૮ નાં રોજથી કરવામાં આવેલ. જે નોંધ પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સદરહું બ્લોક નં.૩૭૦ વાળી ખેતીની જમીન નવી શરતની જમીન ચાલી આવેલ હોય, સદરહું જમીનનું પ્રિમીયમ ભરપાઇ થવાથી તથા સરકારશ્રી મહેસુલ વિભાગનાં તા.૧૧.૦૩.૧૯૯૬ નાં ઠરાવની જોગવાઇ મુજબ સદર બ્લોક નંબર તથા અન્ય બ્લોક નંબરો નાં પ્રિમીયમ "૦૦૨૯ એલ.આર.એન.ટી.સી." સદરે જમાં કરાવેલ હોય તથા મે. નાયબ કલેક્ટર સાહેબ-ઓલપાડ પ્રાંત, સુરત નાં હુકમ ક્રમાંક ન.શ./કામરેજ/રજી.નં.૯૨૫, તા.૩૧.૦૭.૨૦૦૨ મુજબ સદરહું જમીનને નવી શરતમાંથી જુની શરતમાં ફેરવવા નોંધ કરેલ. જે અંગેની નોંધ ગામનો નમુનો નં.૬ (હક્કપત્રક) માં નોંધ નં.૪૭૬૨ થી તા.૧૬.૦૮.૨૦૦૨ નાં રોજથી કરવામાં આવેલ. જે નોંધ પ્રમાણીત થયેલ.

સદરહું ખોલવડ ગામનું એલ.આર.સી.૭/૧૨ નું રેકર્ડ પ્રમોલગેશન કરવાનાં કામે મુળ હસ્તલિખીત ૭/૧૨ સાથે મેળવણુ કરતાં એલ.આર.સી.ની નકલમાં જણાવેલ ભુલો સુધારવા માટે મામલતદારશ્રી કામરેજ તરફથી સુધારા હુકમ નં.હકપ/રેકર્ડસુધારો/ચકાસણી/ઓલપાડ /૨૦૦૮. તા. /૦૯/૦૮ થી હુકમ કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામનો નમુનો નં.૬ (હક્કપત્રક) માં નોંધ

નં.૬૬૭૯ થી તા.૧૬.૧૦.૨૦૦૮ નાં રોજથી કરવામાં આવેલ. જે નોંધ તા.૧૭.૦૨.૨૦૦૯ નાં રોજ પ્રમાણીત થયેલ.

સદરહું જમીનમાં જગુભાઇ નાથુભાઇ વિગેરે માલિક તરીકે ચાલી આવેલ. તે પૈકી દીવાળીબેન તે નાથુભાઇની વિધવા નું તા.૦૫.૦૭.૧૯૯૮ નાં રોજ તેમજ ગોરધનભાઇ નાથુભાઇનું અવસાન થતા તેમનાં સીધીલીટીનાં વારસદારો ૧. ઝવેરબેન ગોરધનભાઇ (પુત્રવધુ મરણ તા.૦૩.૦૫.૧૯૯૯), ૨. મણીભાઇ ગોરધનભાઇ (પૌત્ર), ૩. ખંડુભાઇ ગોરધનભાઇ (પૌત્ર), ૪. અરવિંદભાઇ ગોરધનભાઇ (પૌત્ર), ૫. ઇશ્વરભાઇ ગોરધનભાઇ (પૌત્ર), ૬. રંજનબેન ગોરધનભાઇ (પૌત્રી), ૭. ભારતીબેન ગોરધનભાઇ (પૌત્રી), ૮. જગુભાઇ નાથુભાઇ (પુત્ર), ૯. બાલુભાઇ નાથુભાઇ (પુત્ર) નાં નામો આવેલ અરજી, મરણનો દાખલો, પેઢીનામું, પંચક્યાસ તેમજ તા.૨૧.૦૭.૨૦૧૨ નાં રોજ થયેલ સોગંદનામાં આધારે અવસાન પામેલ નાં નામો કમી કરી વારસદારોનાં નામો દાખલ કરેલ. જે અંગેની નોંધ ગામનો નમુનો નં.૬ (હક્કપત્રક) માં નોંધ નં.૮૩૯૦ થી તા.૨૭.૦૭.૨૦૧૨ નાં રોજથી કરવામાં આવેલ. જે નોંધ તા.૧૯.૧૧.૨૦૧૨ નાં રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

સદરહું જમીનમાં જગુભાઇ નાથુભાઇ વિગેરે માલિક તરીકે ચાલી આવેલ. જે જમીનમાં જગુભાઇ નાથુભાઇ તથા બાલુભાઇ નાથુભાઇ નાં પેઢી નામામાં જણાવ્યા પ્રમાણે વારસો ૧. દિપકભાઇ જગુભાઇ, ૨. જયંતિભાઇ જગુભાઇ, ૩. પ્રકાશભાઇ બાલુભાઇ, ૪. રાજુભાઇ બાલુભાઇ, ૫. કુસુમબેન બાલુભાઇ નો હક્ક હિસ્સો હોય તેમનાં નામો હયાતીમાં હક દાખલ કરવા આવેલ અરજી, સંમતી દર્શક કરાર, પેઢીનામું, સોગંદનામાં આધારે નોંધ કરેલ. જે અંગેની નોંધ ગામનો નમુનો નં.૬ (હક્કપત્રક) માં નોંધ નં.૮૫૭૬ થી તા.૧૮.૦૪.૨૦૧૩ નાં રોજથી કરવામાં આવેલ. જે નોંધ તા.૦૪.૦૬.૨૦૧૩ નાં રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ મોજે ખોલવડ ગામમાં આવેલ જમીનોનું રીસર્વે કરવામાં આવેલ હતુ. તેનાં અનુસંધાનમાં નાયબ કલેક્ટર અને પ્રાંત અધિકારી કામરેજ પ્રાંત, જીલ્લા સુરતએ તેમનાં હુકમ ક્રમાંક જમીન રી-સરવે/પ્રમોલગેશન/ખોલવડ/૧૬, તા.૧૩.૧૨.૨૦૧૬ થી મજકુર રીસર્વે મુજબ નવુ રેકર્ડ તૈયાર કરવા હુકમ કરેલ હતો. જે હુકમ અનુસાર રેવન્યુ દફતરે જુના-નવા બ્લોક નંબર સાથે રેવન્યુ દફતર નવેસરથી તૈયાર કરવામાં આવેલ હતુ. મજકુર રીસર્વે અન્વયે મજકુર મોજે ખોલવડનાં જુના રેવન્યુ બ્લોક નં.૩૭૦, સર્વે નં.૧૦૮ વાળી જમીનને નવો બ્લોક ન.૩૦૮૩ આપવામાં આવેલ. જે અંગેની નોંધ ગામનો નમુનો નં.૬ (હક્કપત્રક) માં નોંધ નં.૧૦૧૪૮ થી તા.૧૧.૦૧.૨૦૧૭ નાં રોજથી કરવામાં આવેલ. જે નોંધ તા.૧૧.૦૧.૨૦૧૭ નાં રોજ પ્રમાણીત થયેલ.

સદરહું જમીન અંગે મે. નાયબ કલેક્ટર(જ.સુ.) સુરતનાં તા.૧૦.૦૧.૨૦૧૮ નાં હુકમ થી વધારાનાં મામલતદાર અને કૃષિપંચશ્રી ચોર્યાસીનાં તા.૩૧.૦૩.૨૦૧૭ નાં હુકમનાં કાગળો સરકારશ્રી માં રીવ્યુ અર્થે મોકલતા સરકારશ્રીનાં સંદર્ભમાં જણાવેલ પત્રથી સદરહું કેસ યોગ્ય જણાતા અવલોકનમાં લઇ પરત કરેલ. જેની રેકર્ડ રૂલ્સ મુજબ બીજા હક્કમાં ગામ દફતરે અમલ કરવા નોંધ કરેલ. જે અંગેની નોંધ ગામનો નમુનો નં.૬ (હક્કપત્રક) માં નોંધ નં.૧૦૮૮૩ થી

તા.૧૭.૦૧.૨૦૧૮ નાં રોજથી કરવામાં આવેલ. જે નોંધ તા.૨૧.૦૩.૨૦૧૮ નાં રોજ પ્રમાણીત થયેલ.

સદરહું જમીનમાં જગુભાઇ નાથુભાઇ વિગેરે માલિક તરીકે ચાલી આવેલ. તે પૈકી જગુભાઇ નાથુભાઇ નું તા.૩૦.૧૨.૨૦૧૭ નાં રોજ અવસાન થતા તેમનાં સીધીલીટીનાં વારસદારો ૧. નાનીબેન તે વનમાળીભાઇ નરસિંહભાઇની છોકરી અને જગુભાઇની પત્નિ (મ.તા.૦૫.૦૫.૧૯૬૪), ૨. દિપકભાઇ જગુભાઇ, ૩. જયંતિભાઇ જગુભાઇ ચાલી આવેલ. જે પૈકી ૧. દિપકભાઇ જગુભાઇ, ૨. જયંતિભાઇ જગુભાઇ નું નામ રેવન્યુ રેકર્ડમાં અગાઉથી ચાલી આવેલ હોય, મરનારનું નામ કમી કરવા રજુ થયેલ અરજી, મરણનો દાખલો, પેઢીનામું, પંચક્યાસ, સોગંદનામાં આધારે નોંધ કરેલ. જે અંગેની નોંધ ગામનો નમુનો નં.૬ (હક્કપત્રક) માં નોંધ નં.૧૦૮૮૪ થી તા.૧૮.૦૧.૨૦૧૮ નાં રોજથી કરવામાં આવેલ. જે નોંધ તા.૨૩.૦૩.૨૦૧૮ નાં રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યાબાદ સદરહું જમીન બાબતે મુંબઇ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ-૧૯૪૮ ની કલમ-૩૨(મ) અન્વયે ખરીદીનું પ્રમાણપત્ર મામલતદાર અને ખેતીની જમીન બાબતનાં ન્યાયધિકરણનાં અધ્યક્ષ કામરેજ નાં હુકમ નં.ગણત/૩૨-એમ/ખોલવડ/રજી.નં.૦૩/ વશી.નં. ૨૨૯/૧૮, તા.૦૬.૦૩.૨૦૧૮ નાં આધારે નોંધ કરી. જે અંગેની નોંધ ગામનો નમુનો નં.૬ (હક્કપત્રક) માં નોંધ નં.૧૦૯૩૧ થી તા.૦૬.૦૩.૨૦૧૮ નાં રોજથી કરવામાં આવેલ. જે નોંધ તા.૦૨.૦૫.૨૦૧૮ નાં રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ મે. સક્ષમ અધિકારીશ્રી અને ખાસ જમીન સંપાદન અધિકારીની કચેરી શાખા નં.૪, સુરતનાં પત્ર નં.એલ.ક્યુ-૪/નેશનલ હાઇ સ્પીડ રેલ પ્રોજેક્ટ/બીજા હક્કનોંધ/વશી/૧૫૩૦/ ૨૦૧૮, તા.૧૯.૧૨.૨૦૧૮ થી મુંબઇ-અમદાવાદ હાઇ સ્પીડ (બુલેટ ટ્રેન) માટે સંપાદન થતી જમીન અંગે રાઇટ ટુ કેર કંપનસેશન એન્ડ ટ્રાન્સફરન્સી ઇન લેન્ડ એક્વીઝેશન રીહીબીટેશન એન્ડ રીસેટલમેન્ટ એક્ટ-૨૦૧૩ (૨૦૧૩ નો ૩૦મો) કાયદાની કલમ ૧૧(૧) હેઠળ જમીન સંપાદન ક્ષેત્રફળ અંગેનું પ્રાથમિક જાહેરનામું ગુજરાત સરકારનાં મહેસુલ વિભાગનાં ઉપ સચીવશ્રી દ્વારા ક્ષેત્રફળ બાબતે તા.૦૯.૦૪.૨૦૧૮ થી બહાર પાડવામાં આવેલ. સદર જમીનનાં સંપાદન અંગે ગામ દફતરે બીજા હકમાં સદર જાહેરનામાં નં.અમ-૨૦૧૮-૨૭૪-મ-જસત-૧૨૧૮-૯૨-ઘ, તા.૦૯.૦૪.૨૦૧૮ થી ખોલવડ ગામની જમીનો સંપાદન કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ. જે મુજબ સદરહું બ્લોક નં.૩૦૮૩ માં હે.આરે.૦-૦૦-૫૬ ચો. મી. જમીન સંપાદન થયેલ. જે અંગેની નોંધ ગામનો નમુનો નં.૬ (હક્કપત્રક) માં નોંધ નં.૧૧૨૭૩ થી તા.૦૨.૦૧.૨૦૧૯ નાં રોજથી કરવામાં આવેલ. જે નોંધ તા.૧૬.૦૨.૨૦૧૯ નાં રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ નવી શરતની જમીન અંગે મહે.કલેક્ટર સાહેબ સુરતનાં હુકમ નં.ગણત-૩/રી.રજી.નં.૦૬/૨૦૧૮/વશી.૭૨ થી ૯૨/૧૯ ઓનલાઇન ફાઇલ નં.૨૮૪૭૦૧, તા.૦૨.૦૨.૨૦૧૯ થી ગ.ધા.કલમ-૪૩ તથા ૨૫ મુજબ નવી શરતની જમીન બિનખેતીનાં રહેણાંક હેતુ માટે જુની શરતમાં ફેરવવા નોંધ કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામનો નમુનો નં.૬ (હક્કપત્રક) માં નોંધ

નં.૧૧૩૩૫ થી તા.૨૦.૦૨.૨૦૧૯ નાં રોજથી કરવામાં આવેલ. જે નોંધ તા.૦૪.૦૫.૨૦૧૯ નાં રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું જમીન અંગે મહે.કલેક્ટર સાહેબ સુરતનાંએ નવી શરતની જમીન બિનખેતીનાં રહેણાંક હેતુ માટે જુની શરતમાં ફેરવવા હુકમ કરેલ જે સુધારીને સદરહું જમીનમાં રહેણાંક કમ વાણિજ્ય હેતુસર કરવા માટે મહે.કલેક્ટર સાહેબ સુરતનાં હુકમ નં.ગણત-૩/વાણિજ્ય/રજી.નં.૨૧/૨૦૧૯ ઓનલાઇન ફાઇલ નં.૧૦૪૨૭૦૦૦, તા.૨૪.૦૭.૨૦૧૯ સુધારા હુકમ કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામનો નમુનો નં.૬ (હક્કપત્રક) માં નોંધ નં.૧૧૫૨૫ થી તા.૩૦.૦૭.૨૦૧૯ નાં રોજથી કરવામાં આવેલ. જે નોંધ તા.૧૮.૦૯.૨૦૧૯ નાં રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

સદરહું બ્લોક નં.૩૦૮૩, ક્ષેત્રફળ હે.આરે ૬-૪૬-૯૦ ચો.મી., જેને લાગુ ટી. પી. સ્કીમ નં.૪૭ (ખોલવડ-ભાદા), ફાયનલ પ્લોટ નં.૧૦૮ ફાળવવામાં આવેલ. જેનુ ફાયનલ પ્લોટ મુજબ હે.આરે ૩-૮૮-૧૪ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી જમીનમાં બીનખેતી કૃત્ય કરવા માટે કલેક્ટરશ્રી સુરતનાને તા.૨૯.૦૭.૨૦૧૯ નાં રોજ ઓનલાઇન અરજી કરતા તેઓના હુકમ નં.૬૯૨/૨૨/૦૮/૦૧૯/ ૨૦૧૯, તા.૩૧.૦૮.૨૦૧૯ નાં રોજ થી બીનખેતીની પરવાનગી આપવામાં આવેલ. જે અંગેની નોંધ ગામનો નમુનો નં.૬ (હક્કપત્રક) માં નોંધ નં.૧૧૫૫૮ થી તા.૩૧.૦૮.૨૦૧૯ નાં રોજથી કરવામાં આવેલ. જે નોંધ તા.૧૪.૧૦.૨૦૧૯ નાં રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ મે. સક્ષમ અધિકારીશ્રી અને ખાસ જમીન સંપાદન અધિકારીની કચેરી શાખા નં.૪, સુરતનાં પત્ર નં.એલ.ક્યુ-૪/નેશનલ હાઇ સ્પીડ રેલ પ્રોજેક્ટ/બીજા હક્કનોંધ/વશી/૧૬૭૭/ ૨૦૧૯, તા.૧૮.૧૨.૨૦૧૯ થી મુંબઇ-અમદાવાદ હાઇ સ્પીડ (બુલેટ ટ્રેન) માટે સંપાદન થતી જમીન અંગે રાઇટ ટુ કેર કંપનસેશન એન્ડ ટ્રાન્સફરન્સી ઇન લેન્ડ એક્વીઝેશન રીહીબીટેશન એન્ડ રીસેટલમેન્ટ એક્ટ-૨૦૧૩ (૨૦૧૩ નો ૩૦મો) કાયદાની કલમ ૧૧(૧) હેઠળ જમીન સંપાદન ક્ષેત્રફળ અંગેનું પ્રાથમિક જાહેરનામું ગુજરાત સરકારનાં મહેસુલ વિભાગનાં ઉપ સચીવશ્રી દ્વારા ક્ષેત્રફળ બાબતે તા.૨૮.૧૧.૨૦૧૯ થી બહાર પાડવામાં આવેલ. સદર જમીનનાં સંપાદન અંગે ગામ દફતરે બીજા હકમાં સદર જાહેરનામાં નં.અમ-૨૦૧૯-૬૮૬-મ-જસત-૧૨૧૯-૧૨૮૦-ધ, તા.૨૮.૧૧.૨૦૧૯ થી ખોલવડ ગામની જમીનો સંપાદન કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ. જે મુજબ સદરહું બ્લોક નં.૩૦૮૩ માં હે.આરે.૦-૦૫-૪૪ ચો. મી. જમીન સંપાદન થયેલ. જે અંગેની નોંધ ગામનો નમુનો નં.૬ (હક્કપત્રક) માં નોંધ નં.૧૧૬૬૪ થી તા.૨૩.૧૨.૨૦૧૯ નાં રોજથી કરવામાં આવેલ. જે નોંધ તા.૨૮.૦૧.૨૦૨૦ નાં રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું જમીનમાં બાલુભાઇ નાથુભાઇ વિગેરે માલિક તરીકે ચાલી આવેલ. તે પૈકી મણીભાઇ ગોરધનભાઇ નું તા.૨૧.૧૦.૨૦૧૯ નાં રોજ અવસાન થતા તેમનાં સીધીલીટીનાં વારસદારો ૧. કમળાબેન તે મણીભાઇ ગોરધનભાઇ પટેલનાં પત્નિ, ૨. જયેશભાઇ મણીભાઇ પટેલ, ૩. સુમનબેન મણીભાઇ પટેલ નું નામ રેવન્યુ રેકર્ડમાં દાખલ કરવા રજુ થયેલ અરજી, મરણનો દાખલો, પેઢીનામું આધારે નોંધ કરેલ. જે અંગેની નોંધ ગામનો નમુનો નં.૬ (હક્કપત્રક) માં નોંધ

નં.૧૧૭૬૫ થી તા.૦૬.૦૩.૨૦૨૦ નાં રોજથી કરવામાં આવેલ. જે નોંધ તા.૦૧.૦૬.૨૦૨૦ નાં રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું જમીનમાં બાલુભાઇ નાથુભાઇ વિગેરે માલિક તરીકે ચાલી આવેલ. તે પૈકી પ્રકાશભાઇ બાલુભાઇ નું તા.૩૧.૦૭.૨૦૧૯ નાં રોજ અવસાન થતા તેમનાં સીધીલીટીનાં વારસદારો ૧. શારદાબેન તે પ્રકાશભાઇ બાલુભાઇ પટેલનાં પત્નિ, ૨. પ્રમિતભાઇ પ્રકાશભાઇ પટેલ, ૩. ચાંદનીબેન પ્રકાશભાઇ પટેલ તે રાજનભાઇ પટેલની પત્નિ, ૪. શ્યામભાઇ પ્રકાશભાઇ પટેલ નું નામ રેવન્યુ રેકર્ડમાં દાખલ કરવા રજુ થયેલ અરજી, મરણનો દાખલો, પેઢીનામું આધારે નોંધ કરેલ. જે અંગેની નોંધ ગામનો નમુનો નં.૬ (હક્કપત્રક) માં નોંધ નં.૧૧૮૧૭ થી તા.૦૬.૦૮.૨૦૨૦ નાં રોજથી કરવામાં આવેલ. જે નોંધ તા.૧૧.૦૯.૨૦૨૦ નાં રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

સદરહું જમીન (૧) બાલુભાઇ નાથુભાઇ, (૨) ખંડુભાઇ ગોરધનભાઇ, (૩) અરવિંદભાઇ ગોરધનભાઇ, (૪) ઇશ્વરભાઇ ગોરધનભાઇ, (૫) રંજનબેન ગોરધનભાઇ, (૬) ભારતીબેન ગોરધનભાઇ, (૭) દિપકભાઇ જગુભાઇ, (૮) જયંતિભાઇ જગુભાઇ, (૯) રાજુભાઇ બાલુભાઇ, (૧૦) કુસુમબેન બાલુભાઇ, (૧૧) કમળાબેન મણીભાઇ પટેલ, (૧૨) જયેશભાઇ મણીભાઇ પટેલ, (૧૩) સુમનબેન મણીભાઇ પટેલ, (૧૪) શારદાબેન પ્રકાશભાઇ પટેલ, (૧૫) પ્રમિતભાઇ પ્રકાશભાઇ પટેલ, (૧૬) ચાંદનીબેન પ્રકાશભાઇ પટેલ તે રાજનભાઇ પટેલની પત્નિ, (૧૭) શ્યામભાઇ પ્રકાશભાઇ પટેલ નાં સંયુક્ત નામે ચાલતી જમીન તેઓએ તા.૧૦.૦૯.૨૦૨૦ નાં રોજ કૌટુંબીક વહેંચણી કરાર કરેલ. જે કરાર મુજબ સદરહું બ્લોક નં.૩૦૮૩ ક્ષેત્રફળ હે.આરે.૬-૪૬-૯૦ ચો. મી. પૈકી [૧] ઉત્તરનાં પશ્ચિમ થી પુર્વ તરફ ભાગ-૧ હિસ્સા નં.૩૦૮૩/૧, ક્ષેત્રફળ ૬૬૭૬ ચો. મી. વાળી જમીન, ૧. કુસુમબેન બાલુભાઇ, ૨. ચાંદનીબેન પ્રકાશભાઇ પટેલ તે રાજનભાઇ પટેલની પત્નિ ના નામે કરવા, [૨] ઉત્તરનાં પશ્ચિમ થી પુર્વ તરફ ભાગ-૨ હિસ્સા નં.૩૦૮૩/૨, ક્ષેત્રફળ ૭૧૨૨ ચો. મી. વાળી જમીન, ૧. કમળાબેન મણીભાઇ પટેલ, ૨. જયેશભાઇ મણીભાઇ પટેલ, ૩. સુમનબેન મણીભાઇ પટેલ તથા ૪. રંજનબેન ગોરધનભાઇ પટેલ ના નામે કરવા, [૩] ઉત્તરનાં પશ્ચિમ થી પુર્વ તરફ ભાગ-૩ હિસ્સા નં.૩૦૮૩/૩, ક્ષેત્રફળ ૮૦૧૦ ચો. મી. વાળી જમીન, ૧. બાલુભાઇ નાથુભાઇ, ૨. પ્રમિતભાઇ પ્રકાશભાઇ પટેલ, ૩. શ્યામભાઇ પ્રકાશભાઇ પટેલ ના નામે કરવા, [૪] ઉત્તરનાં પશ્ચિમ થી પુર્વ તરફ ભાગ-૪ હિસ્સા નં.૩૦૮૩/૪, ક્ષેત્રફળ ૧૫૬૬૯ ચો. મી. વાળી જમીન, ૧. જયંતિભાઇ જગુભાઇ ૨. દિપકભાઇ જગુભાઇ નાં નામે કરવા, [૫] ઉત્તર થી દક્ષિણ તરફ ભાગ-૫ હિસ્સા નં.૩૦૮૩/૫, ક્ષેત્રફળ ૭૧૨૧ ચો. મી. વાળી જમીન, ૧. અરવિંદભાઇ ગોરધનભાઇ ૨. ભારતીબેન ગોરધનભાઇ નાં નામે કરવા, [૬] ઉત્તર થી દક્ષિણ તરફ ભાગ-૬ હિસ્સા નં.૩૦૮૩/૬, ક્ષેત્રફળ ૭૧૨૦ ચો. મી. વાળી જમીન, ૧. ખંડુભાઇ ગોરધનભાઇ ૨. ઇશ્વરભાઇ ગોરધનભાઇ નાં નામે કરવા, [૭] ઉત્તર થી દક્ષિણ તરફ ભાગ-૭ હિસ્સા નં.૩૦૮૩/૭, ક્ષેત્રફળ ૬૬૭૭ ચો. મી. વાળી જમીન, ૧. રાજુભાઇ બાલુભાઇ ૨. શારદાબેન પ્રકાશભાઇ પટેલ નાં નામે કરવા, [૮] ઉત્તર થી દક્ષિણ તરફ ભાગ-૮ હિસ્સા નં.૩૦૮૩/૮, ક્ષેત્રફળ ૬૨૯૫ ચો. મી. વાળી જમીન દિપકભાઇ જગુભાઇનાં નામે કરવા અરજદારની આવેલ અરજી, ૭/૧૨, વહેચણ કરારની નકલ આધારે નોંધ

કરેલ, જે અંગેની નોંધ ગામનો નમુનો નં.૬ (હક્કપત્રક) માં નોંધ નં.૧૧૮૫૩ થી તા.૧૪.૦૯.૨૦૨૦ નાં રોજથી કરવામાં આવેલ. જે નોંધ તા.૦૪.૧૧.૨૦૨૦ નાં રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું જમીનનાં માલિકો પૈકી ખંડુભાઇ ગોરધનભાઇ નું તા.૧૦.૦૯.૨૦૨૦ નાં રોજ અવસાન થતા તેમનાં સીધીલીટીનાં વારસદારો ૧. લલિતાબેન ખંડુભાઇ પટેલ, ૨. જીગ્નેશભાઇ ખંડુભાઇ પટેલ, ૩. મુક્તિબેન ખંડુભાઇ પટેલ નું નામ રેવન્યુ રેકર્ડમાં દાખલ કરવા રજુ થયેલ અરજી, મરણનો દાખલો, પેઢીનામું આધારે નોંધ કરેલ. જે અંગેની નોંધ ગામનો નમુનો નં.૬ (હક્કપત્રક) માં નોંધ નં.૧૧૯૦૬ થી તા.૨૭.૧૧.૨૦૨૦ નાં રોજથી કરવામાં આવેલ. જે નોંધ તા.૧૩.૦૧.૨૦૨૧ નાં રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

સદરહું જમીન અંગે મે. જીલ્લા નિરીક્ષક જમીન દફતર સુરતનાં ક્રમાંક નં.કે.જે.પી./ એસ.આર.૧૦૬/૨૦-૨૧, તા.૨૨.૦૧.૨૦૨૧ થી પુરવણી પત્રક નં.૩ મુજબ સદરહું બ્લોક નં.૩૦૮૩ ક્ષેત્રફળ હે.આરે.૬-૪૬-૯૦ ચો. મી. આકાર ૨૩.૨૮ વાળી જમીન દુરસ્તી પછી [૧] બ્લોક નં.૩૦૮૩/૧, ક્ષેત્રફળ ૬૬૭૬ ચો. મી., આકાર ૨.૭૮, કબજેદારનુ નામ ૧. કુસુમબેન બાલુભાઇ, ૨. ચાંદનીબેન પ્રકાશભાઇ પટેલ તે રાજનભાઇ પટેલની પત્નિ, [૨] બ્લોક નં.૩૦૮૩/૨, ક્ષેત્રફળ ૭૧૨૨ ચો. મી., આકાર ૨.૫૬, કબજેદારનુ નામ, ૧. કમળાબેન મણીભાઇ પટેલ, ૨. જયેશભાઇ મણીભાઇ પટેલ, ૩. સુમનબેન મણીભાઇ પટેલ તથા ૪. રંજનબેન ગોરધનભાઇ પટેલ, [૩] બ્લોક નં.૩૦૮૩/૩, ક્ષેત્રફળ ૮૦૧૦ ચો. મી., આકાર ૨.૮૮, કબજેદારનું નામ ૧. બાલુભાઇ નાથુભાઇ, ૨. પ્રમિતભાઇ પ્રકાશભાઇ પટેલ, ૩. શ્યામભાઇ પ્રકાશભાઇ પટેલ, [૪] બ્લોક નં.૩૦૮૩/૪, ક્ષેત્રફળ ૧૫૬૬૯ ચો. મી., આકાર ૫.૬૩, કબજેદારનું નામ ૧. જયંતિભાઇ જગુભાઇ ૨. દિપકભાઇ જગુભાઇ, [૫] બ્લોક નં.૩૦૮૩/૫, ક્ષેત્રફળ ૭૧૨૧ ચો. મી., આકાર ૨.૫૬, કબજેદારનું નામ ૧. અરવિંદભાઇ ગોરધનભાઇ ૨. ભારતીબેન ગોરધનભાઇ, [૬] બ્લોક નં.૩૦૮૩/૬, ક્ષેત્રફળ ૭૧૨૦ ચો. મી., આકાર ૨.૫૬, કબજેદારનું નામ ૧. ખંડુભાઇ ગોરધનભાઇ ૨. ઇશ્વરભાઇ ગોરધનભાઇ, [૭] બ્લોક નં.૩૦૮૩/૭, ક્ષેત્રફળ ૬૬૭૭ ચો. મી., આકાર ૨.૪૦, કબજેદારનું નામ ૧. રાજુભાઇ બાલુભાઇ ૨. શારદાબેન પ્રકાશભાઇ પટેલ, [૮] બ્લોક નં.૩૦૮૩/૮, ક્ષેત્રફળ ૬૨૯૫ ચો. મી., આકાર ૧.૯૧, કબજેદારનું નામ ૧. દિપકભાઇ જગુભાઇ દાખલ કરવા કે.જે.પી. આધારે નોંધ કરેલ, જે અંગેની નોંધ ગામનો નમુનો નં.૬ (હક્કપત્રક) માં નોંધ નં.૧૧૯૭૨ થી તા.૨૭.૦૧.૨૦૨૧ નાં રોજથી કરવામાં આવેલ. જે નોંધ તા.૨૯.૦૧.૨૦૨૧ નાં રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

**<u>પ્લાન પાસ અને ડેવલપમેન્ટ પરમીશન :-</u>**

ડિસ્ટ્રીકટ સુરત, સબ ડિસ્ટ્રીકટ તાલુકો કામરેજનાં મોજે ગામ **<u>ખોલવડ</u>**નાં **<u>બ્લોક નં.૩૦૮૩/૨, (જુના બ્લોક નં.૩૭૦, રે.સર્વે નં.૧૦૮)</u>** થી નોંધાયેલી જમીન, જેનુ રેવન્યુ રેકર્ડ મુજબ હે.આરે ૦-૭૧-૨૨ ચો.મી. યાને ૭૧૨૨ ચો.મી. બીનખેતીની જમીન. જેને લાગુ **<u>ટી. પી. સ્કીમ નં.૪૭ (ખોલવડ-ભાદા), ફાયનલ પ્લોટ નં.૧૦૮/૨</u>** ફાળવવામાં આવેલ છે. જેનુ ફાયનલ પ્લોટ મુજબ **<u>૪૨૭૨ ચો.મી.</u>** ક્ષેત્રફળ ધરાવતી બીનખેતીની જમીનમાં વિકાસ પરવાનગી મેળવવા માટે સુરત અર્બન ડેવલપમેન્ટ

ઓથોરીટી (સુડા) માં અરજી કરેલ અને તેનાં અનુસંધાનમાં તેઓનાં વિકાસ પરવાનગી નં. 1116LD22230063, તા.૦૬.૦૭.૨૦૨૨ થી પ્લાન મંજુર કરીને ઔધોગીક (લાઇટ હોમ વર્કશોપ) હેતુ માટે પરવાનગી આપેલ.

<u>**વેચાણ દસ્તાવેજ નં.૧૩૧૫૯ ની વિગત :-**</u>

ત્યારબાદ કે.જે.પી. દુરસ્તી મુજબ **<u>બ્લોક નં.૩૦૮૩/૨, (જુના બ્લોક નં.૩૭૦, રે.સર્વે નં.૧૦૮)</u>** થી નોંધાયેલી જમીન, જેનુ રેવન્યુ રેકર્ડ મુજબ હે.આરે ૦-૭૧-૨૨ ચો.મી. યાને ૭૧૨૨ ચો.મી. બીનખેતીની જમીન. જેને લાગુ **<u>ટી. પી. સ્કીમ નં.૪૭ (ખોલવડ-ભાદા)</u>**, **<u>ફાયનલ પ્લોટ નં.૧૦૮/૨</u>** ફાળવવામાં આવેલ છે. જેનુ ફાયનલ પ્લોટ મુજબ **<u>૪૨૭૨ ચો.મી.</u>** ક્ષેત્રફળ ધરાવતી બીનખેતીની જમીનનાં માલિક ૧. કમળાબેન મણીભાઇ પટેલ, ૨. સુમનબેન મણીભાઇ પટેલ તે હિતેશભાઇ પટેલનાં પત્નિ, ૩. જયેશભાઇ મણીભાઇ પટેલ તે જાતે પોતે નંબર (૨) નાં કુલ મુખત્યાર તરીકે તથા ૪. રંજનબેન ગોરધનભાઇ પાસેથી **મે.શ્રીજી કોર્પોરેશન એક ભાગીદારી પેઢી** એ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની રૂએ વેચાણ રાખેલ. જે અંગેનો રજી. વેચાણ દસ્તાવેજ મે.સબ-રજીસ્ટ્રારશ્રી કામરેજ ની કચેરીમાં એક નંબરની બુકમાં અનુક્રમ નં.૧૩૧૫૯ થી તા.૧૨.૦૭.૨૦૨૨ નાં રોજ નોંધાયેલ છે. જે અંગેની નોંધ ગામ નમુના નં.૬ (હક્કપત્રક) માં નોંધ નં.૧૨૫૪૯ થી તા.૨૮.૦૭.૨૦૨૨ નાં રોજથી કરવામાં આવેલ. જે નોંધ તા.૧૬.૦૯.૨૦૨૨ નાં રોજ પ્રમાણીત કરવામાં આવેલ

એ રીતે સદરહું ગુજરાત રાજ્યમાં ડિસ્ટ્રીકટ સુરત, સબ ડિસ્ટ્રીકટ તાલુકો કામરેજનાં મોજે ગામ **<u>ખોલવડ</u>**નાં **<u>બ્લોક નં. ૩૦૮૩/૨, (જુના બ્લોક નં.૩૭૦, રે.સર્વે નં.૧૦૮)</u>** થી નોંધાયેલી જમીન, જેનુ રેવન્યુ રેકર્ડ મુજબ હે.આરે ૦-૭૧-૨૨ ચો.મી. યાને ૭૧૨૨ ચો.મી. બીનખેતીની જમીન. જેને લાગુ **<u>ટી. પી. સ્કીમ નં.૪૭ (ખોલવડ-ભાદા),</u>** **<u>ફાયનલ પ્લોટ નં.૧૦૮/૨</u>** ફાળવવામાં આવેલ છે. જેનુ ફાયનલ પ્લોટ મુજબ **<u>૪૨૭૨ ચો.મી.</u>** ક્ષેત્રફળ ધરાવતી બીનખેતીની જમીન છે તે સંપુર્ણ પુરેપુરી બિનખેતીની જમીનનાં હાલ **મે.શ્રીજી કોર્પોરેશન** નામની ભાગીદારી પેઢી માલિક, મુખત્યાર, ચાલી આવેલ છે. જેનું ટાઇટલ સંપુર્ણ કલીયર છે.

*આમ, મારા મત મુજબ સદરહું મિલકતનાં ટાઇટલ ચોખ્ખા, માર્કેટેબલ અને તારણને પાત્ર છે.*

*ઉપરોક્ત મિલકત અંગે મે નીચેનાં દસ્તાવેજી પુરાવાઓ ચકાચેલા છે.*

૧. છેલ્લા 30 વર્ષનું કરાવેલ સર્ચની રસીદ નં.૨૦૨૨૧૧૫૦૦૦૪૨૮૩૯ તા.૦૩.૧૨.૨૦૨૨ ની અસલ રસીદ

૨. વેચાણ દસ્તાવેજ નં.૧૩૧૫૯, તા.૧૨.૦૭.૨૦૨૨ ની નકલ

૩. વેચાણ દસ્તાવેજ નં.૧૩૧૫૯, તા.૧૨.૦૭.૨૦૨૨ ની નોંધણી રસીદ નં.૨૦૨૨૧૧૫૦૦૦૨૫૮૧૯ ની નકલ

૪. વેચાણ દસ્તાવેજ નં.૧૩૧૫૯, તા.૧૨.૦૭.૨૦૨૨ ની ઇન્ડેક્ષ નકલ

૫. તા.૨૧.૦૫.૨૦૧૮ નાં રોજ થયેલ મે.શ્રીજી કોર્પોરેશનની ભાગીદારી દસ્તાવેજની નકલ

૬. બીનખેતીની પરવાનગીનો હુકમ ક્રમાંક : ૬૯૨/૨૨/૦૮/૦૧૯/૨૦૧૯, તા.૩૧.૦૮.૨૦૧૯ ની નકલ.

૭. સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી (સુડા)એ આપેલ વિકાસ પરવાનગી નં.:
1116LD22230063, તા.૦૬.૦૭.૨૦૨૨ ની નકલ.

૮. ૭/૧૨, ૮–અ તથા ગામ નમુના નં.૬ મોજે ગામ ખોલવડની નકલ

૯. સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી (સુડા)નાં ઝોનીંગ સર્ટીફીકેટ તથા પાર્ટ પ્લાનની
તા.૧૧.૧૦.૨૦૨૧ ની નકલ

૧૦. સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી (સુડા) એ મંજુર કરેલ તમામ પ્લાનની નકલ

K.B. MARAKANA 34/35/36, Nandeshwari Soc. L.H. Road, Surat-6 ADVOCATE

(કે. બી. મારકણા)
એડવોકેટ

MARAKANA 34/35/36, Nandeshwari Soc. Road, Surat-6 M. No 839/2002 ADVOCATE

**Inspector General of Registration**
**Revenue Department, Government of Gujarat**

## અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : બ્લોક નં. 3083/2 (જુના બ્લોક નંબર 370, રે.સર્વે નં. 108)

Search in : ખોલવડ /KHOLWAD

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | 202211500042839 | અરજી નંબર | 19554 | અરજી વર્ષ | 2022 |
| તારીખ | 3 | માહે | ડિસેમ્બર | સને | 2022 |

રજુ કરનારનું નામ K. B. MARAKANA ADVOCATE

ટ્રાન્જેક્સન નંબર 20221129568567256

THE SEAL OF THE SUB - REGISTRAR
કામરેજ
KAMREJ

| નીચે પ્રમાણે ફી પહોંચી | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી.................................................. | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો.................................................. | |
| શેરોની નકલ કરવા માટે ફી.................................................. | |
| ટપાલ ખર્ચ.................................................. | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ ).......................... | |
| શોધ અગર તપાસણી.....................વર્ષ : 1993 થી 2022 | 310.00 |
| દંડ કલમ-૨૫.................................................. | |
| કલમ-૩૪ (કલમ-૫૭ ).................................................. | |
| નકલ ફી ફોલીયો.................................................. | |
| ઈન્ડેક્ષ-૨ ફી .................................................. | |
| અન્ય ફી .................................................. | |

| ફુલ એકંદરે રૂ. | **310.00** |
|---|---|

અંકે રૂપીયા ત્રણ સો દસ પુરા

CHAUDHARI HARDIK KUMAR PRATAPBHAI
સબ રજીસ્ટ્રાર
કામરેજ